ગાંધીનગર શહેર ખાતે સંસદસભ્યો /ધારાસભ્યો/અધિકારીઓ/
કર્મચારીઓને વિના હરાજીએ રાહતદરે ફાળવેલ રહેણાંકના પ્લોટ
પર બાંધકામ અંગે થયેલ શરતભંગ બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંક: એલએનડી/૧૦૯૫/૧૯૮૭/ભાગ–૩/આર–૧
બ્લોક નં૧૪, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
તા. ૪/૭/૨૦૦૮

વંચાણે લીધા :–

(૧) માર્ગ અનેમકાન વિભાગનો તા. ૨૪/૪/૯૮ નો ઠરાવ ક્રમાંક: એલએનડી/૧૦૯૫/૧૨૬૯ (૧૯૮૭) /આર.૧
(૨) માર્ગ અને મકાન વિભાગનો તા. ૨૪/૧૧/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક: એલએનડી/૧૦૯૫/ ૧૨૬૯/(૧૯૮૭) ભાગ–૨/આર.૧
(૩) માર્ગ અને મકાન વિભાગનો તા. ૧૮/૧૨/૦૨ ઠરાવ ક્રમાંક: એલએનડી/૧૦૯૫/૧૯૮૭/ (ભાગ–૩)/આર.૧
(૪) માર્ગ અને મકાન વિભાગનો તા. ૫/૪/૦૩ ઠરાવ ક્રમાંક: એલએનડી/૧૦૯૫/૧૯૮૭/ (ભાગ–૩) આર.૧
(૫) માર્ગ અને મકાન વિભાગનો તા. ૨૦/૨/૦૬ ઠરાવ ક્રમાંક: એલએનડી/૧૦૯૫/૧૯૮૭/ (ભાગ–૩) આર.૧
(૬) માર્ગ અને મકાન વિભાગનો તા. ૨૫/૪/૦૬ ઠરાવ ક્રમાંક: એલએનડી/૧૦૯૫/૧૯૮૭/ (ભાગ–૩) આર.૧
(૭) માર્ગ અને મકાન વિભાગનો તા. ૩૦/૫/૦૬ ઠરાવ ક્રમાંક: એલએનડી/૧૦૯૫/૧૯૮૭/ (ભાગ–૩) આર.૧
(૮) તા. ૩૦/૩/૦૭ નો સરખા ક્રમાંકનો ઠરાવ

**પ્રાસ્તાવિક :**

ગાંધીનગર ખાતે માન. સંસદસભ્યશ્રીઓ/ધારાસભ્યશ્રીઓ/ સરકારી અધિકારીઓ/ કર્મચારીઓને રાહતદરે ફાળવવામાં આવેલ રહેણાંકના પ્લોટ ઉપર નિયત સમયમાં બાંધકામ પૂર્ણ કરી ભોગવટા પ્રમાણપત્ર મેળવવાનું હોય છે પરંતુ જેઓએ નિયત સમયમાં બાંધકામ પૂર્ણ ન કરી શરતભંગ કરેલ હોય તેઓને છેલ્લે સંદર્ભ (૮) ના ઠરાવથી તા.૩૧/૩/૦૮ સુધીની મુદત લંબાવી આપેલ હતી.

ઠરાવ :–

પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રીની રાહતદરના પ્લોટની ફાળવણીની વિવિધ નીતિના સંદર્ભમાં નીચે મુજબની સ્પષ્ટતા સાથે શરતભંગની મુદતમાં વધારો કરવામાં આવે છે.

(અ) કર્મચારી/ અધિકારીઓની નીતિ બાબત :

૧૯૮૮ ની નીતિમાં ફાળવેલ પ્લોટ :

રાજય સરકારના કર્મચારી/ અધિકારીઓને તા. ૨૯/૬/૮૮ અને તે પહેલાંની નીતિ સંદર્ભે જે પ્લોટ ફાળવેલ છે તેઓએ બાંધકામ પૂર્ણ કરી મકાનનું ભોગવટા પ્રમાણપત્ર ન મેળવેલ હોય તેવા તમામ કેસોમાં આ વિભાગના તા. ૩૦/૩/૦૭ ના ઠરાવ અન્વયે બાંધકામ તા. ૩૧/૩/૦૮ સુધીમાં પૂર્ણ કરેલ ન હોય તો તેવા પ્લોટની સમય મર્યાદા તા. ૩૧/૩/૦૮ પછી વધારવામાં આવતી નથી, અને આ પ્લોટ ખાલસા કરવા અંગેની કલેકટરશ્રી ગાંધીનગરે જરૂરી ચકાસણી કરીને નિયમોનુસાર કાર્યવાહી કરવા નકકી કરવામાં આવે છે.

તા. ૨૯/૬/૮૮ ની નીતિ સંદર્ભે કોઈ ખાસ કિસ્સામાં પાછળથી પ્લોટ આપવામાં આવ્યા હોય તેમાં તેની સનદ આપ્યા તારીખથી, બાંધકામની મુદત વિત્યા બાદ વધુ પાંચ વર્ષ માટે છુટછાટ આપવામાં આવે છે. સનદમાં જણાવેલ બાંધકામ કરવાની સમયમર્યાદા બાદ પાંચ વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા કેસમાં કોઈ સમયમર્યાદા વધારી આપવામાં આવતી નથી. અને આ પ્લોટ ખાલસા કરવા અંગે કલેકટરશ્રી, ગાંધીનગરે જરૂરી ચકાસણી કરીને નિયમોનુસાર કાર્યવાહી કરવા નકકી કરવામાં આવે છે.

૨૦૦૧ ની નીતિમાં ફાળવેલ પ્લોટ :

સરકારશ્રીના તા. ૨૯/૩/૨૦૦૧ ના ઠરાવ અન્વયે જે પ્લોટ ફાળવવામાં આવેલ છે તેમાં બાંધકામની સમયમર્યાદા ત્રણ વર્ષની રાખવામાં આવેલ છે એટલે કે બાંધકામની સમયમર્યાદા

૨૦૦૫ માં પૂર્ણ થાય, તેવા પ્લોટની બાંધકામની સમયમર્યાદા તા. ૩૧/૩/૨૦૦૯ સુધી વધારી આપવામાં આવે છે.

આ નીતિ સંદર્ભે કોઈ કર્મચારી /અધિકારીને અર્થઘટન/ સ્પષ્ટિકરણબાદ પાછળથી પ્લોટ ફાળવવામાં આવ્યા હોય અને સનદમાં દર્શાવેલ બાંધકામની સમયમર્યાદા પૂર્ણ થઈ ગયેલ હોય તેવા કેસોમાં પણ તા. ૩૧/૩/૦૯ સુધી સમયમર્યાદા વધારી આપવામાં આવે છે. જેઓને સનદમાં દર્શાવેલ સમયમર્યાદામાં બાંધકામ પૂર્ણ કરવાની સમયમર્યાદા પૂર્ણ થયેલ ન હોય તેઓને માટે હવે પછી વિચારવાનું રહેશે.

## (બ) માન. ધારાસભ્યશ્રી/ સંસદસભ્યશ્રીઓના પ્લોટ બાબત :

સાતમી વિધાનસભા તથા આઠમી વિધાનસભાના જે સભ્યશ્રીઓ બાંધકામ કરી મકાનનું ભોગવટા પ્રમાણપત્ર/પરમીશન ન લીધી હોય તેવા પ્લોટધારક સામે અત્રેના તા. ૩૦/૩/૦૭ ના ઠરાવ મુજબ તા.૩૧/૩/૦૮ના રોજ સમયમર્યાદા પૂર્ણ થયેલ હોય તેની સમયમર્યાદા તા.૩૧/૩/૦૮ બાદ વધારવામાં આવતી નથી. તેવા પ્લોટ તાત્કાલિક ખાલસા કરવાના નિર્ણય લેવામાં આવે છે. પરંતુ કોઈ ધારાસભ્યને પાછળથી પ્લોટ ફાળવેલ હોય અને તેમની સનદ આપ્યા તારીખથી બાંધકામપૂર્ણ કરવાની સનદમાં દર્શાવેલ મુદતની તારીખ બાદ પાંચ વર્ષના સમય સુધીના કેસમાં મુકિત આપવામાં આવે છે. પરંતુ પાંચ વર્ષ પૂર્ણ થયા હોય તે પ્લોટ ખાલસા કરવા નિર્ણય લેવામાં આવે છે.

## ૯ મી વિધાનસભાના ધારાસભ્યશ્રીઓ :

૯ મી વિધાનસભાના સભ્યશ્રીઓને માર્ગ અને મકાન વિભાગના તા. ૨૪/૧૦/૯૭ ના ઠરાવ ક્રમાંકઃ એલએનડી/૧૦૯૫/ધાસ૩/૧૦૬૬/આર.૧ થી પ્લોટ ફાળવેલ છે તેમની બાંધકામની સમયમર્યાદા તા.૩૧/૩/૦૯ સુધી શરતભંગની રકમ વસુલ લેવાની શરતે વધારી આપવામાં આવે છે અને તા.૩૧/૩/૨૦૦૯ સુધી બાંધકામ પૂર્ણ કરી મકાનના વપરાશ ભોગવટા પ્રમાણપત્ર ન મેળવે તો તેવા પ્લોટ ખાલસા કરવાના નિર્ણય લેવામાં આવે છે.

**૧૦ મી ગુજરાત વિધાનસભાના સભ્યશ્રીઓ :**

૧૦ મી વિધાનસભાના સભ્યશ્રીઓને તા. ૮/૫/૦૨ ના ઠરાવ ક્રમાંકઃ એલએડી/ ૧૦૯૮/૩૮૯/ ૨૯૭૯/ ભાગ–૨ /આર–૧ થી પ્લોટ ફાળવવામાં આવેલ છે તેઓને બાંધકામ પૂર્ણ થવાની સમય મર્યાદા બાદ તા. ૩૧/૩/૨૦૧૦ સુધી વધારો કરી આપવામાં આવે છે.

ઉપર જણાવેલ જે કેસમાં સનદની મૂળ સમયમર્યાદા બાદ બાંધકામ સમયમાં વધારો મંજુર કરવામાં આવે છે તેવા કેસોમાં શરતભંગ નિયમિત કરવા માટે દંડ કરવાની આ વિભાગના તા.૨૪/૪/૧૯૯૮ના ઠરાવની જોગવાઈઓ મુજબ દરેક કેસ માટે કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોકત ઠરાવના નિર્ણય મુજબ જે પ્લોટ ખાલસા કરવાના થાય છે તે પ્લોટ ખાલસા કરવાની કાર્યવાહી કલેકટરશ્રી. ગાંધીનગરે તાત્કાલિક કરવાની રહે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અ.મુ.સ.શ્રી નાણાં વિભાગની તા.૧૯/૪/૦૮ ની નોંધથી સંમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેશ સોની)
ઉપસચિવ
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

૧. કલેકટરશ્રી, ગાંધીનગર જિલ્લો,ગાંધીનગર
૨. નાણાં વિભાગ,બ્લોકનં.૪,સચિવાલય,ગાંધીનગર
૩. મહેસૂલ વિભાગ,બ્લોકનં.૧૧, સચિવાલય, ગાંધીનગર
૪. શહેરી વિકાસ અને શહેર ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
૬. એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/ રાજકોટ.
૭. નાણા શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. મુખ્ય સ્થપતિ અને નગર નિયોજકશ્રી, નિર્માણ ભવન, સેકટર–૧૦, ગાંધીનગર
૯. ગાંધીનગર શહેર વિકાસ સત્તા મંડળ, સેકટર–૧૧, અભિષેક બિલ્ડીંગ,ગાંધીનગર
૧૦. અ.ઈ.શ્રી,પાટનગર યોજના વર્તુળ.૧૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૧૧. સિલેકટ ફાઈલ – ૦૮